**Media Release**

# મુખ્યપ્રધાન શ્રી પ્રમોદ સાવંતે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદના ગોવા સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું

અમદાવાદ, 13 માર્ચ, 2024 – આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના ગોવા રિજનલ સેન્ટરનું 12મી માર્ચ, 2024ના રોજ માનનીય મુખ્યપ્રધાન ડો. પ્રમોદ સાવંતના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા, અમદાવાદના ડિરેક્ટર જનરલ ડો. સુનીલ શુક્લા, ઈડીઆઈઆઈના બોર્ડ મેમ્બર અને ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (ડીઆઈસીસીઆઈ), દલિત ઈન્ડિયનના ચેરમેન ડો. મિલિંદ કાંબલે, ઈડીસી લિમિટેડના વાઇસ ચેરમેન શ્રી સંજય સતારદેકર, ગોવા સીએસઆર ઓથોરિટીના જોઈન્ટ સીઈઓ ડો. વિજય સક્સેના, ઈડીસી લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી એસ પાઇ એંગ્લે અને ઈડીઆઈઆઈના ગવર્મેન્ટ પ્રોજેક્ટ્સ વિભાગના ઇન્ચાર્જ ડો. અમિત દ્વિવેદી પણ ઉપસ્થિત રહ્યા હતા.

ગોવા ઉદ્યમિતા યોજનાનો અમલ કરવા માટે આ સેન્ટર લોન્ચ કરવામાં આવ્યું છે. **ઈડીઆઈઆઈ અમલીકરણ સંસ્થા છે જ્યારે ગોવા સીએસઆર ઓથોરિટી અને ઈડીસી લિમિટેડ, ગોવા નોડલ એજન્સીઓ છે.**

ગોવા ઉદ્યમિતા યોજનાનો ઉદ્દેશ ગોવામાં સ્ટાર્ટઅપ્સ, નવા ઉદ્યોગસાહસિકો તથા હાલના એમએસએમઈને ટ્રેનિંગ તથા જરૂરી સહયોગ પૂરો પાડીને ગોવાની ઉદ્યોગસાહસિક ઇકોસિસ્ટમને મજબૂત બનાવવાનો છે.

**ગોવાના માનનીય મુખ્યપ્રધાન ડો. પ્રમોદ સાવંતે** તેમના ઉદ્ઘાટન વક્તવ્યમાં જણાવ્યું હતું કે "ગોવા સ્ટાર્ટઅપ પોલિસી 2017નો અમલ કરનારા પહેલા ચાર રાજ્યો પૈકીનું પણ એક છે. ઉદ્યોગસાહસિકતાના મોરચે, જ્યારે પ્રવાસન સર્વોચ્ચ શાસન કરે છે, ત્યારે લોકો અન્ય ઉભરતા વિસ્તારોમાં સમાંતર રીતે પ્રવેશ કરી રહ્યા છે. રાજ્ય હવે આગામી કેટલાક ક્ષેત્રોમાં તેની સંભવિતતાનો ઉપયોગ કરવા માટે આગળ વધે છે અને એક એવા રાજ્ય તરીકે વિકસિત થાય છે જે વૃદ્ધિની ખાતરી કરવા માટે ઉદ્યોગસાહસિક આકાંક્ષાઓને પોષે છે. તે અર્થમાં, EDII સાથેનું જોડાણ ઉદ્યોગસાહસિકતાના દૃશ્યને મજબૂત બનાવશે." માનનીય મુખ્યપ્રધાને એમ પણ જણાવ્યું હતું કે કેવી રીતે તેમણે ગુજરાતના મુખ્યપ્રધાન શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ઈડીઆઈઆઈનું ગોવા સેન્ટર ઊભું કરવા માટે પત્ર લખ્યો હતો. શ્રી પ્રમોદ સાવંતે ગુજરાતના માનનીય મુખ્યપ્રધાનની કચેરી દ્વારા દર્શાવવામાં આવેલી સક્રિયતાની પ્રશંસા કરી હતી.

આ તક અંગે કૃતજ્ઞતા વ્યક્ત કરતા **ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનીલ શુક્લા**એ જણાવ્યું હતું કે "એસએમઈ સેક્ટર, ખાસ કરીને ગોવામાં અગાધ વૃદ્ધિ જોવાઈ છે અને તે અનેક ક્ષેત્રોમાં વ્યક્ત થઈ રહી છે. આનો લાભ લઈને ઈડીઆઈઆઈ ટ્રેનિંગ, રિસર્ચ અને ડોક્યુમેન્ટેશન, મેન્ટરિંગ અને ઇન્ક્યુબેશનને લગતી અનેક પહેલ આદરશે જેથી ગોવા આંત્રપ્રિન્યોરશિપ અને ઇનોવેશન્સનું હબ બની શકે જેથી નવી તકો અને પ્રક્રિયાઓ માટે અવિરત પ્રયાસો શરૂ કરી શકે. ઇનોવેશનને પ્રોત્સાહન આપવા અને સ્થાનિક પ્રતિભાઓને સશક્ત બનાવવા પર ધ્યાન આપીને આ પહેલ ગોવાને સ્ટાર્ટઅપ્સ તથા ઉદ્યોગસાહસિકતાનું અગ્રણી હબ તરીકે ઊભરવા માટેનો માર્ગ મોકળો કરશે."

**ડૉ. મિલિંદ કાંબલે, સ્થાપક અધ્યક્ષ, ડીઆઈસીસીઆઈ અને બોર્ડ મેમ્બર- ઈડીઆઈઆઈ**ના જણાવ્યું હતું કે, "ગોવા, તેની સંસ્કૃતિ અને વેપારના ગતિશીલ મિશ્રણ સાથે ઉધોગસાહસિક સાહસોને ખીલવા માટે ફળદ્રુપ જમીન પૂરી પાડે છે. આ કેન્દ્ર ઉત્પ્રેરક તરીકે કામ કરશે, જે આપણા યુવાનોમાં સહજ ઉધોગસાહસિક ભાવનાને પોષશે. ઈડીઆઈઆઈની પહેલને જોતાં, ગોવા ઉધોગસાહસિક આકાંક્ષાઓ અને માનસિકતાને પોષવા માટે તૈયાર છે."

પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતા **ઈડીસી લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી. એસ. પાઈ એંગલે** જણાવ્યું હતું કે "મને આનંદ છે કે અમે ગોવામાં ઉધોગસાહસિકતાને મજબૂત બનાવવાના કામ તરફ સહયોગથી કામ કરી રહ્યા છીએ. ઈડીસી લિમિટેડમાં અમે ઉધોગસાહસિકતા ઇકોસિસ્ટમને સમર્થન આપવા અને તેનું જતન કરવા માટે પ્રતિબધ્ધ છીએ જે આર્થિક સમૃદ્ધિને આગળ ધપાવે છે અને આવનારી પેઢીઓ માટે ટકાઉ ભવિષ્ય બનાવે છે. સાથે મળીને અમે ગોવાની અમર્યાદ સંભાવનાને અનલોક કરવા માટે આ ક્ષણનો લાભ લઈશું."

ઉદ્ઘાટન કાર્યક્રમ ઈડીઆઈઆઈના ગવર્મેન્ટ પ્રોજેક્ટ્સ વિભાગના ઇન્ચાર્જ ડો. અમિત દ્વિવેદી દ્વારા આભારવિધિ સાથે સંપન્ન થયો હતો.

"ગોવા તેની સંસ્કૃતિ અને વેપારના ગતિશીલ મિશ્રણ સાથે ઉધોગસાહસિક સાહસોને ખીલવા માટે ફળદ્રુપ જમીન પૂરી પાડે છે. આ કેન્દ્ર ઉત્પ્રેરક તરીકે કામ કરશે, જે આપણા યુવાનોમાં સહજ ઉધોગસાહસિક ભાવનાને પોષશે. ઈડીઆઈઆઈની પહેલને જોતાં, ગોવા ઉધોગસાહસિક આકાંક્ષાઓ અને માનસિકતાને પોષવા માટે તૈયાર છે."

**About Entrepreneurship Development Institute of India**

Entrepreneurship Development Institute of India (EDII), Ahmedabad, an autonomous and not-for-profit institute, set up in 1983, #is an acknowledged National Resource Institute for Entrepreneurship Education, Research, Training & Institution Building. It is sponsored by apex financial institutions - the IDBI Bank Ltd., IFCI Ltd., ICICI Bank Ltd. and the State Bank of India (SBI), and has been supported by the Government of Gujarat. EDII has been recognized as the CENTRE OF EXCELLENCE by the Ministry of Skill Development and Entrepreneurship, Govt. of India.

EDII moved on to adopt the role of a National Resource Institute in Entrepreneurship training, education, research, MSME development, innovations and institutional building. The Institute works with the Central Government and various State Governments in a collaborative frame. It is closely associated noted corporates in envisioning and implementing several impact making programmes and projects. The Institute conducts a variety of programmes and projects, across sectors and sections of people through its 7 regional offices and PAN India branch offices. Visit www.ediinddia.org

**For more details, contact:**

Nirupam Banerjee, Adfactors PR: 9825984727
Hiral Oza, Adfactors PR: 7043901987